**ફોજદારી કેસ નં. ૨૦૩૩૧/૨૦૨૦**

**વડોદરાના મહે. ચોથા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**આંક:–**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : રોહિત સ્વામીનાથ ચૌહાણ

આરોપ : ઈ.પી.કો.કલમ–૨૬૯,૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૭૦ તથા એપેડેમીક ડીસીસ એકટની કલમ ૩ મુજબ.

**ચુકાદો**

૧. ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૨૬૯,૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૭૦ તથા એપેડેમીક ડીસીસ એકટની કલમ ૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ આજરોજ કોર્ટ રુબરુ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપુર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોયપ તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થઈ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓની સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરે છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. આરોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા આરોપીને હળવી સજા કરી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજીક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતાં, ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૬૯,૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૭૦ તથા એપેડેમીક ડીસીસ એકટની કલમ ૩ મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને રુા. ૩૦૦/– (અંકે રુપીયા ત્રણ સો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની (ટી.આર.સી.) સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીંટીંગ દરમ્યાન, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
વડોદરાઃ

(નેહા રાતુસરીયા)
૪ થા એડી. જયુડી.મેજી. ફ.કલાસ.
વડોદરા.
કોડ નં.જી.જે.૦૧૩૩૩